રાજભવન, ગાંધીનગર.
તા. ૦૯/૦૧/૨૦૧૫

## કુવેતના પ્રવાસી ભારતીય ઉદ્યોગપતિઓએ રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી

---

શ્રી સુરેન્દ્ર વધવાનની આગેવાની હેઠળ કુવેતના પ્રવાસી ભારતીય ઉદ્યોગપતિઓના પ્રતિનિધિ મંડળે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

પ્રતિનિધિ મંડળ સાથેની ચર્ચા દરમ્યાન રાજયપાલશ્રીએ ગુજરાતના વિકાસના વિવિધ પાસાઓનો ખ્યાલ આપ્યો હતો.

---

## લઘુઉદ્યોગ ભારતી, હરિયાણાના સભ્યો રાજયપાલશ્રીની મુલાકાત લીધી

---

પ્રવાસી ભારતીય દિનની ઉજવણીમાં ભાગ લેવા ગાંધીનગર આવેલા લઘુઉદ્યોગ ભારતી સંસ્થા, હરિયાણાના સદસ્યોએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

સંસ્થાના શ્રી દિપક જૈન તથા અન્ય પદાધિકારીઓ આ મુલાકાત વેળાએ ઉપસ્થિત રહયા હતા.

---

પ્રેસ સચિવ

રાજભવન, ગાંધીનગર.
તા. ૦૯/૦૧/૨૦૧૫

## બ્રિટીશ સંસદના સભ્ય પ્રીતિ પટેલ રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગરમાં આયોજિત પ્રવાસી ભારતીય દિનની ઉજવણીમાં ભાગ લેવા આવેલા બ્રિટીશ સંસદના સભ્ય પ્રીતિ પટેલે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમ્યાન બન્ને મહાનુભાવોએ ગુજરાતમાં વિકાસના વિવિધ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ અને ભવિષ્યમાં ઉભી થનાર નવી તકો વિશે વિચાર–વિમર્શ કર્યો હતો.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી રાજનાથસિંહનું રાજભવન ખાતે સ્વાગત કરતા રાજયપાલશ્રી

પ્રવાસી ભારતીય દિનની ઉજવણીના સમારોહમાં હાજરી આપવા આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી રાજનાથસિંહ રાજભવન ખાતે પધાર્યા ત્યારે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે રાજયપાલશ્રીએ કેન્દ્રીય મંત્રીશ્રીને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું હતું.

---

પ્રેસ સચિવ

રાજભવન, ગાંધીનગર.
તા. ૦૯/૦૧/૨૦૧૫

## હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટરે રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી

હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટરે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી. રાજયપાલશ્રીએ શ્રી મનોહરલાલ ખટ્ટરનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે શ્રીમતી અવિનાશ કોહલી પણ ઉપસ્થિત રહયા હતા. રાજયપાલશ્રીએ હરિયાણાના મુખ્યમંત્રીને સ્મૃતિ ચિહ્ન પણ અર્પણ કર્યું હતું.

---

પ્રેસ સચિવ